પ.પૂ.સા. શ્રી ચંદ્રપુષ્પાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

સાધર્મિક બંધુ જોગ.......

પ્રભુ ભક્તિના અમૃતાનુષ્ઠાન સમા દુર્ગતિ દુઃખ નિવારક પરમ આનંદદાયક, આધ્યાત્મિક અને સમકિત બીજ પ્રાપક સર્વ દુઃખ મુક્તિરૂપ મોક્ષદાયક એવા શાંતિદાતા પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાન આદિ પ્રભુના અંજનશલાકા, પ્રતિષ્ઠા થયાના ૧૩ માં વર્ષની પૂર્ણાહુતિએ વિક્રમ સંવત ૨૦૭૦ના મહા વદ ૭ શુક્રવાર તા. ૨૧-૨-૨૦૧૪ના દિવસે ધ્વજારોહણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

વિધિ-વિધાન માટે શ્રી કેશવજી ભારશી ગડા, મુંબઈ થી પોતાની સંગીત મંડળી સાથે પધારશે.

(જા.ખ.)

## ધ્વજારોહણના કાયમી લાભાર્થીઓ

| | | |
|---|---|---|
| મુખ્ય ધ્વજ શ્રી શાંતિનાથ પ્રભુ | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીયા |
| શ્રી શ્રેયાંસનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી હીરાચંદ ઝુમખરાજ નાગડા પરિવાર | વાંઢી મોટી |
| શ્રી નમિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લક્ષ્મીચંદ મેઘજી નાગડા પરિવાર | નરેડી |
| શ્રી વાસુપૂજ્ય સ્વામીની ધ્વજા | શેઠશ્રી રામજી ઝુમખરાજ નાગડા પરિવાર | વાંઢી મોટી |
| જૂના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીયા |

## માંગલિક કાર્યક્રમ

**સંવત ૨૦૭૦ મહાવદ ૧ ગુરુવાર તા. ૨૦-૨-૨૦૧૪**

સવારના ૬.૦૦ વાગે જળ શુદ્ધિ શ્રી અઢાર અભિષેક,
અઢાર અભિષેક બાદ સ્વામિવાત્સલ્યના લાભાર્થી
**કુ. હર્ષિતાબેન મણીકાંત મેઘજી મોમાયા** (વરાડીયા - કચ્છ)

**સંવત ૨૦૭૦ મહાવદ ૭ શુક્રવાર તા. ૨૧-૨-૨૦૧૪**

સવારના ૧૧.૧૦ વાગે સત્તરભેદી પૂજા - બપોરના ૧૨.૦૦ વાગે ધ્વજારોહણ વિધિ
ધ્વજારોહણ વિધિ બાદ સ્વામીવાત્સલ્યના લાભાર્થી : ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવારો
ધ્વજારોહણ દિને સાધર્મિક ભક્તિ તથા પ્રભુજીની અંગરચનાના લાભાર્થી :
**કુ. હર્ષિતાબેન મણીકાંત મોમાયા** (વરાડીયા-કચ્છ)

ઉપરોક્ત પ્રસંગે હાજર રહી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

### લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)

| | | |
|---|---|---|
| ધનજી લખમશી સાવલા | રામજી ઝુમખરાજ નાગડા | મણીકાંત મેઘજી મોમાયા |
| ચેરમેન | વાઇસ ચેરમેન | મેનેજિંગ ટ્રસ્ટી |

તથા સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર

શુભ સ્થળ : શ્રી જિનેશ્વરધામ, ૩-૪-૨૧૩, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૨૭.
ફોન. ૨૪૫૫ ૧૬૭૫, ૧૫૯૭ ૬૪૫૫

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.પ્ર. H-2750)

# Upto 20% Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.પ્ર.)

# વિવિધા

## "હેલ્થ ઈઝ વેલ્થ"

'હેલ્થ ઈઝ વેલ્થ' આ અંગ્રેજી કહેવતથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. ફક્ત ત્રણ શબ્દો સ્વાસ્થ્યની મહત્વતા સચોટ રીતે સમજાવી જાય છે. **ભૌતિક મુડી (પૈસા) સાચવવા આપણે તનતોડ પ્રયાસ કરીએ છીએ પણ હેલ્થ રૂપી મુડી સાચવવા આપણે શું પુરતા પ્રયાસ કરીએ છીએ ??**

માનવ શરીરના બધાજ અંગો જન્મતાની સાથે કાર્યરત થઈ જાય છે જે મૃત્યુ પર્યંત નોનસ્ટોપ ચાલ્યા કરે છે. ઈશ્વરે બનાવેલ શરીરની મશીનરી એટલી જટિલ છે કે દુનિયાની અન્ય કોઈ શક્તિ આ બનાવી શકે નહીં. આપણને આ વિરાસત એટલી સહજતાથી મળી છે કે તેનું વાસ્તવિક મુલ્ય સાધારણ સંજોગોમાં આપણને સમજાતું નથી. જ્યારે કોઈ અવયવ નબળું પડે કે કામ કરતું અટકી જાય ત્યારે જ તેની ખરી કિંમત સમજાય છે. અને ત્યારે મોડું થઈ ગયેલ હોય છે.

રોજીંદા જીવનમાં આપણે ઘણા મશીનોનો ઉપયોગ કરીએ છીએ. કાર, સ્કુટર, ફ્રીજ, વોશિંગ મશીન ઈ મશીન ક્ષમતા મુજબ કામ આપી શકે તે માટે તેની પુરતી સાર સંભાળ તેમજ સમય સમય પર તેની સર્વીસીંગ આપણે કરાવતા હોઈએ છીએ. તો શું જટિલ મશીનરી ધરાવતા આપણા શરીરની સમય સમય પર સર્વીસીંગ જરૂરી નથી ?

આપણી દૈનિક જીવનશૈલીના પરિણામે શરીરમાં ઝેરી તત્વો (Toxic) જમા થતા જાય છે. અને શરીરની મશીનરીનું કામ ધીરૂં પડતું જાય છે - ક્યારેક સમય પહેલા અને અંતે ખોરંભે પડે છે. શરીરની મશીનરીનું પણ સમય સમય પર સર્વીસીંગ કરાવતા રહીએ તો લાંબા સમય સુધી તે સારી રીતે કામ આપી શકે.

સદીઓના અનુભવથી આપણા પુર્વજોને એક તથ્ય સાંપડેલ છે કે નૈસર્ગિક ઉપચારથી શરીરમાં જમા થયેલ ઝેરી તત્વો દુર કરીને શરીરને નિરોગી બનાવી શકાય. આપણું આ શરીર પાંચ તત્વોથી બનેલ છે - આકાશ, તેજ, વાયુ, જલ તેમજ પૃથ્વી. કુદરતી ઉપચાર પધ્ધતિમાં આ પાંચ તત્વો આધારિત ટ્રીટમેન્ટ હોય છે, જેમાં સુર્યસ્નાન, મટ્ટીનો ઉપયોગ, સ્ટીમ બાથ, ટબ બાથ, એનીમા, ખુલ્લી હવામાં ફરવાનું સાથે સાથે આહારમાં જરૂરી ફેરફાર હોય છે. આ બધી ટ્રીટમેન્ટથી શરીરમાં એક નવીજ ચેતના ઉત્પન થાય છે.

વર્ષમાં ૧/૨ વાર રજા ગાળવા ફેમિલી સાથે તમે ફરવા જતા જ હશો. કંઈ નહીં તો વર્ષે અથવા બે વર્ષે અઠવાડિયા માટે 'નેચર ક્યોર' આશ્રમમાં હવાફેર માટે પણ જરૂરથી વિઝિટ કરશો.

આપણા દેશમાં હાલ અનેક ઉપચાર કેન્દ્રો કાર્યરત છે. કચ્છમાં ૪ કેંદ્રો છે, હૈદ્રાબાદમાં પણ કેંદ્ર છે. જુનામાં જુનો મહાત્માં ગાંધીજીએ સ્થાપેલ કેંદ્ર ઉરલીકંચનમાં આવેલ છે.

આયુષ્યતો આપણે જેટલું મળેલ છે તેટલું જીવવાનું છે પણ ચાલો કોશિષ કરીએ કે આપણું શરીર અંત સુધી આપણો સાથ આપે.

**રમેશ એમ. શાહ**

# HEALTH CARE PRODUCTS & SURGICALS




(જા.ખ.)

Credit Cards Accepted

**for Adult Diapers, Glucometers, B.P. Monitors Orthotics, Nebulisers & Hospital Needs**

## VIVIDHA ASSOCIATES

**(A HOUSE OF HEALTH CARE AND SURGICAL NEEDS)**

**Dr. Melkote Park Lane, Vitthalwadi, Narayanaguda**

**Ph. (O) : 64592624/96667 70177**

# નવ વધુ વિચારશે ?

લગ્ન એ સ્ત્રીના જીવનનો મહત્વપૂર્ણ બનાવ છે. સ્ત્રીના જીવનમાં લગ્નનો તબક્કો એવો હોય છે જ્યારે એને તદ્દન અલગ ઘર, અલગ સ્વભાવના લોકો વચ્ચે જવાનું હોય છે, અને આ સ્થિતિમાં એને પોતાનો સ્વભાવ, ટેવ, રહેણી કરણી વગેરે બધુંજ બદલવું પડે છે.

એક પત્નિને એના પતિએ ઘરમાં પગ મુક્તાની સાથેજ ગુસ્સે થઈને કહ્યું આ તારો ઘેર આવવાનો સમય છે ? પત્નીએ બેફિકરાઈથી જવાબ આપ્યો, કેમ શું થયું ? હજી તો રાતના બાર જ વાગ્યા છે, એમાં કોઈ ખાસ મોડું થયું ન કહેવાય, લગ્ન પહેલા તો અમે આખી રાત પાર્ટીમાં મોજમસ્તી કરતાં હતા. ત્યારે પતિએ કહ્યું લગ્ન પહેલાં તું તારા માતા પિતાની દીકરી હતી અને હવે મારી પત્ની છે. નાની બાળકની માતા છે. તારી રીત ભાત બદલવી જોઈએ, જવાબદારી સ્વીકારવી જોઈયે. લગ્ન પહેલા ઘર ચલાવવાની જવાબદારી તારા માથે ન હતી પણ હવે આ ઘર તારે ચલાવવાનું છે અને આપણા પરિવારના સુખનો આધાર પણ તારી રીતભાત અને જવાબદારી પર છે. શું તું આ વાત સમજતી નથી ?

પતિની લાંબી સમજાવટ ભરી વાત પત્નીને ગળે ઉતરી ગઈ અને એણે માફી માંગી લીધી અને પોતાનું વર્તન સાવ બદલી નાખ્યું અને બને આંનંદથી જીવે છે.

સ્ત્રીનાં જીવનમાં લગ્નનાં કારણે સર્જીતી આવી સમસ્યાઓ ભલે મોટી નથી હોતી પણ બેદરકારી રાખવી જોઈએ નહીં, ક્યારેક એના પરિણામો માઠાં આવતાં હોય છે.

એક છોકરી એના માતા પિતાની એકની એક પુત્રી હતી અને લાડકોડમાં ઉછરી હતી. ક્યારેય પોતાનાં કપડા, ચોપડીઓ અને અન્ય ચીજોની સંભાળ રાખતી ન હતી અને ઘરનું કામકાજ એણે ક્યારેય કર્યું ન હતું. દિવસમાં ૩ થી ૪ વાર નવા નવા કપડા પહેરવાની એની આદત હતી. છેક લગ્નનાં દિવસ સુધી આ રીતે જ જીવતી હતી પણ લગ્ન પછી એના માટે આ આદતો મૂશ્કેલ બની ગઈ હતી.

એના પતિએ એને ઘણીવાર સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પણ લગ્નની શરુઆતથી જ બંને વચ્ચે ઝગડા શરૂ થયા હતા. પતિની તમામ દલીલો ઠપકા અને ઉપદેશોના જવાબમાં એમ જ કહેતી કે એ લગ્ન પહેલાં પણ ક્યારેય કામ કરતી ન હતી તો હવે શું કામ કરું ? એટલે ઝગડાથી કંટાળી ૩ વર્ષમાં છૂટા પડ્યા.

લગ્ન કર્યા એટલે શું સ્ત્રીઓને જાણે એમની તમામ ઈચ્છા, આદતો, મોજશોખને પણ દબાવી દેવાના ? સ્ત્રીઓએ શા માટે બદલાવું પડે. શા માટે સમાધાન કરવું પડે ! પણ વાસ્તવિક જીંદગીમાં સમાધાન કર્યા વગર કોઈને ચાલતું નથી.

એક દિકરી લગ્ન પહેલાં ક્યારેય ૯.૧૦ વાગ્યા પહેલાં ઉઠતી ન હતી. એના મમ્મી પપ્પા કેટલીય બુમો પાડીને ઉઠાડતા ત્યારે એ જાગે... માતા પિતા કહેતા કે બેટી, તું સાસરે જઈશ તો આવું નહી ચાલે....?

અને ખરેખર લગ્ન પછી એ દીકરીને પણ આ વાત સમજાઈ હતી. અને હવે તે છ વાગે ઉઠી જાય છે અને ઘરની જવાબદારી બરોબર સંભાળે છે. એટલે સાસરીયા પણ એની પ્રસંશા કરતાં થયા.

સ્ત્રી માટે લગ્ન પહેલાની અને લગ્ન પછીની પરિસ્થિતિઓમાં ખૂબ તફાવત હોય છે. નવ વધુઓને આ માટે શરૂઆતથી જ સમજદારી કેળવવી પડે છે, અને લગ્ન પહેલાના જીવન સાથે બાંધ છોડ કરીને જ જીવવું પડે છે. લગ્ન પહેલા તો સ્ત્રીની દરેક ભૂલને છોકરમત ગણી ખાસ મહત્વ અપાતું ન હોય જે લગ્ન પછી એજ સ્ત્રીની નાની ભૂલ પણ મોટું સ્વરૂપ ધારણ કરીલે છે. ટેવો છોડવાનું સરળ નથી હોતું પણ સમાધાન કરી જીંદગી જીવવી જોઈએ.

લગ્ન એ સ્ત્રીના જીવનનો મહત્વપૂર્ણ બનાવ છે. જીવનમાં આવનારા પરિવર્તનો અને સમાધાન માટે તૈયારી રાખીને એનો સમજદારી પૂર્વક સ્વીકાર કરવો જોઈએ.

**જયાબેન મગનલાલ મારૂ**

।। કુલદેવી શ્રી સચ્ચા માતાય નમઃ ।।

# ગડા અને રાંભીયા ભાવિકોની પહેડી

સવિનય જણાવવાનું કે ગડા અને રાંભીયા નુખનાં શ્રી સચ્ચા માતાજી ને નમતા સર્વે ભાવિકોની પહેડી રવિવાર તા. ૦૨-૦૩-૨૦૧૪ ના સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે ગડા અને રાંભીયા નૂખના સર્વે ભાવીકોને સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપના | ૯.૩૦ કલાકે |
| માતાજીના ભજન ગીતની રમઝટ તથા રાસગરબા | ૧૦.૦૦ કલાકથી |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૨.૦૦ કલાકે |
| માતાજીને પ્રસાદ થાળ જુવારવાનું | ૧૨.૧૫ કલાકે |
| માતાજીની આરતી | ૧૨.૩૯ કલાકે |
| માતાજીની પ્રસાદી (પ્રિતી ભોજ) | ૧.૦૦ કલાકે |

## ગડા અને રાંભીયા ભાવિક સંઘ - હૈદરાબાદ

ના જયજિનેન્દ્ર

નોંધ : ૧) કાળા વસ્ત્રો ન પહેરવાની વિનંતી.

૨) ગડા અને રાંભીયા પરિવારની નિયાણી બહેનોને નામ લખાવવા માટે સંપર્ક

હરીશ લખમશી ગડા — ૯૨૪૬૩ ૪૫૪૦૪

પંકજ ચીમનલાલ રાંભીયા — ૯૨૪૬૫ ૩૮૬૦૦

**શ્રીફળ લઈ આવવાની પ્રથા બંધ છે.**

(જા.ખ.

## આપણાંમાં થોડોક બદલાવ લાવશું ?

આપણો અહિંયા સમાજ બહોળો છે એના અનુરૂપ નવા નવા કાર્યક્રમો થતાં જ હોય છે આ રીતે બધાં ભેગાં થાય છે અને આનંદ માણે છે.

પણ જે સમય આપેલ હોય છે એ સમયે ક્યારે પણ કાર્યક્રમ શરૂ નથી થતા. એ સમયે હૉલ ખાલી જ પડ્યા હોય છે. થોડાં લોકો જે સમયના પાબંદ હોય છે એમની જ હાજરી વરતાય છે. આપણી વિચારધારા એવી થઈ ગઈ છે કે ''ના'' સમય ઉપર કાર્યક્રમ શુરૂ ન જ થાય. ૧-૧૧/૨ કલાક પછી જ ચાલુ થશે. થોડું લેટ જવું જ ઠીક રહેશે.

હવે તમેજ વિચારો, બધા જ આમ વિચારી ને લેટ આવશે તો જે સમય પર આવે છે એમનો શું વાંક ? જે આયોજકો અને કલાકારો હોય છે એમનો ઉત્સાહ પણ ઓસરવા માંડે છે. તો મિત્રો, એક વખત તો આપણે સમય પર પહોંચવાનો નિયમ લઈએ. (હમેશ માટે પણ લઈ શકાય). સમય પર કાર્યક્રમ શુરૂ થાય તો આયોજકો અને કલાકારો સાથે આપણો આનંદ પણ બેવડાઈ જશે. આમાં કોઈ સંશય નથી. પિક્ચર હૉલમાં તો આપણે કાયમ સમયસર જ પહોંચી જઈએ છીએ કેમકે સિનેમાહૉલ વાળા આપણી રાહ નથી જોતાં, પોતાના સમયે શો ચાલુ કરી જ દે છે.

આપણે સમયને સાચવશું તો સમય આપણને સાચવશે એ વાત ક્યારે અનુભવી જોજો. તો ચાલો થોડું આપણે સમયની કિમંત સમજીને આપણાંમા બદલાવ લાવીએ....

યા ફિર હમ નહી સુધરેંગે ? **– ચંદન હરીશ હરિયા**

## તમારા સિવાય તમને કોઈ સુખી કરી શકે નહીં

બધાં લોકોને સુખી થવું છે પણ સુખી કેમ થવું, એ બહુ ઓછા લોકોને ખબર હોય છે. આપણે બધા જ પોતાના સુખની ચાવી કોઈના હાથમાં આપીને ફરીએ છીએ. કોઈ હસાવે તો હસીએ અને કોઈ ફસાવે તો ફસાઈએ. કોઈ જરાક છંછેડે અને આપણો પારો સીધો સાતમા આસમાને પહોંચી જાય. કંઈક થાય એટલે આપણે એવું કહીએ છીએ કે એણે તો મારો મૂડ બગાડી નાંખ્યો. મૂડ બગાડયો કોણે ? આપણે જ તો વળી. આપણા મૂડ માટે કોઈને દોષ દેવાની સારી ફાવટ આપણને હોય છે.

સુખ અને દુઃખની વાત ચાલતી હતી ત્યારે એક સોફ્ટવેર ઈંજીનિયરે સરસ વાત કહી. તેણે કહ્યું કે મારા જીવનમાં કોઈ ઘટના બને એટલે તેને હું સીધી જ કમ્પ્યુટર સિસ્ટમ સાથે જોડીને વિચારું છું. કમ્પ્યુટર ઉપર તમે કંઈ કામ કરો અને એ પ્રોગ્રામ સીધો બંધ કરો ત્યારે કમ્પ્યુટર સવાલ કરે છે કે 'ડુ યુ વોન્ટ ટુ સેવ ચેન્જીસ?' આપણે યસ કહીએ તો જ એ સેવ થાય છે. તમે જિંદગીની કેટલી ઘટના પછી તમારા દિલને પૂછો છો કે 'ડુ યુ વોન્ટ ટુ સેવ ?' જે સેવ કરવા જેવી ન લાગે તેને જવા દો તો જિંદગીનું અડધું સુખ આપોઆપ મળી જશે. આપણને તો બધું સંઘરવાની આદત પડી ગઈ છે. કમ્પ્યુટરમાં એક


20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

જ ફર્ક છે, ત્યાં પ્રોગ્રામ રન કરવા માટે 'સોફ્ટવેર' છે અને તેને સંઘરવા માટે 'હાર્ડડિસ્ક' છે. સોફ્ટ અને હાર્ડ વચ્ચેનો સંબંધ વિચિત્ર છે. જિંદગીમાં હાર્ડને હાઈડ ન કરો તો સોફ્ટ ડિસ્ટર્બ થઈ જાય છે. સુખી થવાનું કોઈ શાસ્ત્ર નથી. સુખના કોઈ સિદ્ધાંત કે થિયરી નથી. સુખ તો માણસે પોતે જ પેદા કરવાનું હોય છે. અલબત્ત, આપણે સુખને બદલે દુઃખ જ પેદા કરતા રહીએ છીએ. સુખ માટે આપણે અઢળક સાધનો વસાવીએ છીએ. મજાની વાત એ છે. કે સુખનાં સાધનો વધતાં જ જાય છે અને સુખ ઘટતું જ જાય છે. તમે માર્ક કરજો, મજા માટે તમારી પાસે કેટલાં સાધનો છે. ખુલ્લી હવામાં ફરવાનું મન થાય તો કાર કે બાઈક છે, વરસાદનો અહેસાસ માણવાનું મન થાય તો શાવર છે. એરકન્ડિશન્ડ ઠંડીની ગરજ સારે છે. ફ્રીજ જોઈએ ત્યારે ચિલ્ડ કોલ્ડ્રિંક્સ હાજર કરી દે છે.

આપણાં દિલમાં હળવાશ ન હોય તો કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ આપણને સુખ આપી શક્તી નથી. આપણે મજામાં ન હોઈએ ત્યારે કોઈ આપણા માથે પ્રેમથી હાથ ફેરવે તોપણ આપણે ચીડાઈ જઈએ છીએ. રેવા દેને, એક તો મને મજા નથી આવતી અને માથેથી તું અડાઅડ કરે છે ! સુખ માટે આપણે આખો દિવસ દોડધામ કરીએ છીએ અને પછી રાતે શાંતિથી સૂઈ પણ નથી શકતા.

ઘણાં લોકો વળી એવી સલાહ આપતા ફેર છે કે ન ગમે એવું ન કરવું. સાંભળવામાં આ વાત સારી લાગે પણ આપણે એવું કરી શકતા નથી. ન ગમે એવું પણ ઘણું કરવું પડતું હોય છે. જિંદગીના દરેક પરિબળો ચેલેન્જ કરતા જ રહે છે અને આ બધા વચ્ચે આપણે સુખી અને ખુશ રહેવાનું હોય છે. તમે દુઃખને જેટલું ટાળી શકશો એટલા સુખી થઈ શકશો, ઉદાસીને જેટલી દૂર રાખશો એટલી ખુશી નજીક રહેશે. મોટા ભાગે તો આપણે નકામી ચિંતાઓ કરીને જ દુઃખી થતાં હોઈએ છીએ.

મોટા ભાગના લોકો કોઈ ને કોઈ આભાસી ડરમાં જીવે છે. મને સફળતા નહીં મળે તો ? સફળતા મળી ગઈ હોય તો વળી એવો ભય લાગે છે કે સફળતા નહીં ટકે તો ? મારો ધંધો નહી ચાલે તો ? મને નોકરીમાંથી કાઢી મૂકશે તો ? મારી સાથે કોઈ દગો કરશે તો ? હું જેને પ્રેમ કરું છું એ મને પ્રેમ કરવાનું બંધ કરી દેશે તો ? જે થયું નથી તેનો ભય રાખીને આપણે દુઃખી થતાં રહીએ છીએ. નબળા વિચારો જ માણસને વધુ ને વધુ નબળો બનાવતા રહે છે.

હમણાં જ થયેલો એક અભ્યાસ એવું કહે છે કે જે વ્યક્તિ પોતે એવું માને છે કે હું સુખી છું એ ખરેખર સુખની વધુ નજીક હોય છે. મોટાભાગે તો માણસ પોતાને દુઃખી સમજવાનું જ પસંદ કરતો હોય છે. દુઃખ માટે એ કારણ શોધતો ફરે છે. આવા લોકોને આખી દુનિયા સુખી લાગે છે અને પોતે દુઃખી હોય એવું જ અનુભવે છે. આપણે એવી જ ફરિયાદ કરતાં રહીએ છીએ કે ક્યાંય મજા જ નથી આવતી, પગાર કે આવકમાં પૂરું જ થતું નથી, આખો દિવસ દોડધામ કરીએ તો પણ કામ પૂરાં જ થતાં નથી, દરરોજ ઊઠીને એકનું એક કામ કરવાનું. તમે વિચારજો તમને આવા વિચાર આવે છે કે નહીં ? આવતા હોય તો એટલું વિચારજો કે દુઃખી થવાથી આ પરિસ્થિતિ બદલાઈ જવાની છે ? બધાંને ફરિયાદ જ છે. કોઈને બોસ સાથે ફાવતું નથી, તો કોઈને ક્લીગ ગમતાં નથી. ઘરમાં પત્નીને પતિ સામે અને પતિને પત્ની સામે ફરિયાદ છે. કંઈ ન હોય તો છેલ્લે માણસને સિસ્ટમ સામે પ્રોબ્લેમ હોય છે. જે હોય એ આપણે સ્વીકારી જ નથી શકતા. ઘણું બધું એવું હોય છે, જેને આપણે બદલાવી નથી શકતા. જે બદલાવી શકાય એમ ન હોય એનો સ્વીકાર કરવામાં જ સમજદારી છે. જિંદગી સતત બદલાતી રહે છે. આપણે સહુ કહેતાં રહીએ છીએ કે પરિવર્તન એ સંસારનો નિયમ છે. સાથો સાથ એ વાત પણ યાદ રાખવા જેવી છે કે દરેક પરિવર્તન સુખદ

નથી હોવાનાં, મોટાભાગનાં પરિવર્તનો ચેલેન્જિંગ હોય છે. તકલીફ પડવાની જ છે એવી માનસિક તૈયારી રાખનારને તકલીફનો સામનો કરવામાં ઓછી તકલીફ પડે છે. જિંદગીમાં ક્યારેક 'જોયું જશે' નો સિદ્ધાંત પણ અપનાવવા જેવો હોય છે. એવું કંઈ થશે તોની વાત છેને ? તો જોયું જશે. માણસે કોઈ મુદ્દે વધુ પડતાં વિચારો પણ ન કરવા જોઈએ. ઘણી વખત વિચારો જ માણસને મુશ્કેલીમાં મૂકતા હોય છે. જો આમ થશે તો તેમ થશે અને તેમ થશે તો એવું થશે એવા જ વિચારો કરીને માણસ ક્યાંયનો ક્યાંય પહોંચી જાય છે, સરવાળે એ પાછળ જ જતો હોય છે.

યાદ રાખો, તમે જેવું વિચારશો એવું જ થવાનું છે. સારૂં વિચારશો તો સારૂં અને બુરૂં વિચારશો તો બુરૂં, તમને કોઈ વિચાર જેટલી વધુ વખત આવશે એ એટલું ઝડપી થશે. ચમત્કારો માત્ર વિચારવાની શક્તિથી જ થાય છે. તમારા વિચારોને નબળા ન પડવા દો. તમે જે વાતથી દુ:ખી થતાં હોવ છો તેના વિશે એટલો જ વિચાર કરો કે ખરેખર આ વાત આટલી બધી દુ:ખી થવા જેવી છે ખરી ?

સુખી થવાનાં બહાનાં શોધો, દુ:ખ કદાચ નકલી હોય છે પણ સુખ ક્યારેય નકલી હોતું નથી. જેને સુખી થવું હોય છે એને કોઈ દુ:ખી કરી શકતું નથી. જિંદગી ઉપર એટલી શ્રદ્ધા પણ રાખવી જ જોઈએ કે સારૂં જ થવાનું છે. જે વાત વધુ સતાવતી હોય, જે ઘટના સૌથી વધુ પીડા આપતી હોય, જેનાથી ખૂબ જ ભય લાગતો હોય તેને જેટલી બને એટલી ઝડપથી છોડી દો. તમારા દુ:ખી થવાથી દુનિયાને કોઈ ફર્ક પડવાનો નથી. દુ:ખી લોકોથી લોકો પણ દૂર ભાગે છે. એની પાસે જવામાં મજા નથી, એતો રોદણાં જ રડતો હોય છે. લોકો પણ મજા આવતી હોય ત્યાં જ જાય છે.

સૌથી પહેલાં એ જ વિચારો કે તમને તમારાથી મજા આવે છે ખરી? જિંદગીને હળવી બનાવી રાખો. ભારે રહેવાથી થાક જ લાગવાનો છે. હસવાનું થોડુંક વધારી દો અને નક્કી કરો કે મારે ખુશ રહેવું છે, મારે સુખી રહેવું છે. ચેક કરતાં રહેજો કે તમારાં સુખ, આનંદ, ઉત્સાહ, ખુશી અને જિંદગીની ચાવી તમારા હાથમાં જ છે ને ?

**છેલ્લો સીન :**

મૂરખ માણસ એક જ દુખનો અનુભવ ત્રણ વખત કરે છે. (૧) દુ:ખ આવવાનું છે તેની કલ્પના કરીને, (૨) દુ:ખ ખરેખર આવી પડે ત્યારે એ વેઠીને અને (૩) દુ:ખ ચાલ્યું જાય પછી એને વાગોળ્યા કરીને. -અજ્ઞાત.

સંકલન–**પંકજ વલ્લભજી સાવલા**

## ?????

दिमाग चलाओ और जवाब दो :-

एक गलीमे ............................ बच्चे खेल रहे थे
उस गलीमें से एक ................ औरत गुजर रही थी
उस ............... औरत के हाथ में ................ थी
उन ............... बच्चोने उस ............... औरत की
............... गिरा दी

इन 7 खाली जगह में एक ही शब्द का प्रयोग करना है

दिमाग चलाओ और जवाब दो । जवाब अगले महिने के नियापो मे देंगे । अगर आपको जवाब आता है तो पत्र लिख कर भवन की ओफिस में दि. 28-2-2014 तक पहोंचा दे । सच्चे जवाब देने वाले का नाम नियापो में दिया जायेगा।

Interesting Maths to find out other persons age.Tell the other party to take following steps -

1) Ask him / her to take last digit of their cell member
2) Ask them to multiply the said number by 2
3) Then add 5 to the result
4) And then ask them to multiply the same by 50
5) To the result add the number 1763
6) With this number ask them to subtract their year of Birth

Now ask them to give the result (which will be of 3 digits). The first digit will be the last digit of their cell number. The next two digits will be his / her age.

## પ્રથમ ઈનામ

ગત નિયાપોમાં પૂછાયેલ ઉખાણા (પરોલી) ના જવાબો નીચે મુજબ છે.

| પ્રશ્ન | જવાબો |
|---|---|
| ૧) થધ પણઅ ખરૂવપ | ૧) થધે પાણીએ ખસ વઈ |
| ૨) ચયકભર ગઘડ ન ચડ | ૨) ચ્યો કોંભાર ગઘે ડે ન ચડે |
| ૩) અધમ અક ન અધમ અશ | ૩) અઘમેં આકા ને અઘ મેં ઈશો |
| ૪) તતીઅજ ડશન ઢગલ મઢણ | ૪) તાંભિએજી ડોશીને ઢીંગલો મુંઢાણી |
| ૫) રત રણ ન વઅ કણ | ૫) રાત રાણી ને વઉ કાણી |
| ૬) લકજ લડન ધધજ વર | ૬) લંકાજી લાડીને ધોધે જો વર |
| ૭) મજ મસતર મર ન ન ભણયન | ૭) મુંજો માસતર મારે ન ને ભણાય ન |
| ૮) સડ વચ સપર | ૮) સૂડી વચ સોપારી |
| ૯) અલઅલ ન મમદ વળ ડલ | ૯) એલી એલી ને મામદ વાળી ડેલી |
| ૧૦) અલજ કણ ન ફટ પય ચણ | ૧૦) અલા જો કેણો ને ફાટે પ્યો ચેંણો |

### પ્રથમ ઈનામ

સૌથી પહેલા દસ પરોલીના જવાબ આપનાર હતા શ્રીમતિ પ્રિતીબેન પંકજ સાવલા (બેરાજા) એમને ખૂબ ખૂબ અભિનંદન.

** ** **

પ્રિય વાંચકો, આપણે કાર તો ઘણી જોઈ હશે હવે આપણે આપણી ભાષામાં કેટલો કારનો ઉપયોગ કરીએ છીએ એ જાણીએ

| | | | | |
|---|---|---|---|---|
| ૧) આકાર | ૨) પ્રકાર | ૩) બેકાર | ૪) શિકાર | ૫) ધિક્કાર |
| ૬) ઝંકાર | ૭) આવકાર | ૮) ઓમકાર | ૯) ઓડકાર | ૧૦) અહંકાર |
| ૧૧) અધિકાર | ૧૨) આવિષ્કાર | ૧૩) અલંકાર | ૧૪) ઉપકાર | ૧૫) અપકાર |
| ૧૬) કલાકાર | ૧૭) ચિત્રકાર | ૧૮) શીલ્પકાર | ૧૯) ફનકાર | ૨૦) સંગીતકાર |
| ૨૧) પત્રકાર | ૨૨) સંસ્કાર | ૨૩) સહકાર | ૨૪) સાહુકાર | ૨૫) સાકાર |
| ૨૬) બેદરકાર | ૨૭) ધબકાર | ૨૮) હાહાકાર | ૨૯) સ્વીકાર | ૩૦) અમીકાર |
| ૩૧) ચિત્કાર | ૩૨) નિરાકાર | ૩૩) રણકાર | ૩૪) જાણકાર | ૩૫) જયજયકાર |
| ૩૬) જળબંબાકાર | ૩૭) પુરસ્કાર | ૩૮) વિકાર | ૩૯) નિર્વિકાર | ૪૦) પૂકાર |

**'અજ્ઞાની' મહેન્દ્ર વોરા**

# નાના ગૃહ ઉદ્યોગો

આપણા સમાજની ઘણી વ્યક્તિઓ લઘુ ધંધાઓ થકી પોતાના ઘરના ખર્ચાઓ ચલાવે છે. એમાં પણ ખાસ કરીને સ્ત્રીઓનો મોટો ફાળો રહ્યો છે. આવા ગૃહ ઉદ્યોગો જેનું વાર્ષિક ટર્નઓવર મર્યાદિત હોય છે. જેમાં ખાદ્ય વસ્તુઓને લગતા ખાખરા, બિસ્કીટ્સ, કેક્સ, મુખવાસ, મિઠાઈ વગેરે... સોફ્ટ ટોયઝ, શ્રૃંગારને લગતી વસ્તુઓ ચાંદલા, બકલ, હર્બલ અને અન્ય કોસ્મેટીક્સ વગેરે.... ગારમેન્ટસ, એક્સેસરીઝમાં બેગ, પર્સ, આર્ટીફિશિયલ જ્વેલરી વગેરે આ ઉપરાંત વિવિધ સેવાઓ જેવી કે ફૉલ બિડીંગ, ટેલરીંગ, ભરતગુંથણ, ન્યુટ્રિશીયન, મહેંદી, કોચીંગ કલાસ, મોબાઈલ રિપેરીંગ, ટિફિન સેવા વગેરેનો સમાવેશ થાય છે.

આવા વ્યવસાયોના ઘણાં ફાયદાઓ છે. પોતાની માલિકીના હોવાથી પોતે પોતાના નિર્ણયો લઈ શકે છે, અને પોતાના અનુકૂળ સમયે તે કાર્યો કરી શકે છે. ખાસ કરીને સ્ત્રીઓ પોતાની કૌટુંબિક જ્વાબદારીઓ સંભાળી સાથે આવા વ્યવસાયો ચલાવે છે. ઘણા ઉદ્યોગોમાં આખું કુટુંબ સંકળાયેલું હોય છે, એટલે ઘરના કોઈપણ સભ્યને બહાર નોકરી કરવાની જરૂર પડતી નથી. આખો દિવસ મહેનત કરનારા આ પરિવારના સભ્યો આજુબાજુ વસતી જરૂરતમંદ બહેનોને પણ રોજગાર પુરૂં પાડે છે. આવા ઉદ્યોગો ચલાવવા માટે શરૂઆતમાં બહુ ભણતર કે વધારે કુશળતાની જરૂર પડતી નથી આવા ઉદ્યોગોમાં પોતે જ પોતાના માલિક હોવાથી નાની મૂડીથી શરૂ કરી પોતાને યોગ્ય લાગે તેટલું જોખમ લઈ શકે છે.

આવા ઉદ્યોગોને સરકારનો ટેકો પ્રમાણમાં ઓછો મળતો હોય છે પણ સમાજના ઘણાં સભ્યો, ઉદ્યોગપતિઓ અને સામાજિક સંસ્થાઓ આવા નાના ઉદ્યોગોને આર્થિક તેમજ માર્ગદર્શન પુરૂં પાડી મદદ કરે છે. હૈદ્રાબાદમાં વસતા આપણાં ઘણાં જરૂરતમંદ પરિવારોને આવા ગૃહઉદ્યોગો આપણી સંસ્થાની મદદ-માર્ગદર્શન પુરૂં પાડી મદદ કરે છે. હૈદ્રાબાદમાં વસતા આપણાં ઘણાં જરૂરતમંદ પરિવારોને આવા ગૃહઉદ્યોગો આપણી સંસ્થાની મદદ-માર્ગદર્શન આપી શરૂ કરાવી શકાય. કોઈ અનુભવી અથવા નિષ્ણાત મદદ લઈ ગૃહઉદ્યોગોને લગતી વિવિધ તાલીમ પણ આપી શકાય. આવા લઘુ ઉદ્યોગોની સફળતાના અનેક દાખલાઓ પણ છે. મોંઘવારીના આ કપરા કાળમાં ખર્ચાના બે છેડા ભેગા કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરનારાઓને આવા ગૃહઉદ્યોગોથી ઘણી રાહત રહે છે. કૌટુંબીક શાંતિ પણ મળે છે. સફળતા મળતા પોતાના બાળકોને વધુ અભ્યાસ કરાવી પ્રોફેસનલ ડિગ્રીઓ પણ મેળવનારા કુટુંબો ઉદાહરણ રૂપે છે. અને આવા કુટુંબો અત્યારે ઉચ્ચ સ્થાન પણ પ્રાપ્ત કરી ચૂક્યા છે.

આજના ખૂબ જલદી બદલાતા સમયમાં નાના-મધ્યમ ઉદ્યોગોને ઘણા પડકારોની સામે લડવું પડે છે. ધંધાની બદલાતી વ્યાખ્યાને કારણે બદલાવ લાવવો પણ જરૂરી થઈ ગયું છે. હમણાં ગ્રાહક બોસ બની ચૂક્યો છે. આજના ઈન્ટરનેટનાં યુગમાં મારકેટીંગ બહુ સરળ થઈ ગયું છે. નાના ઉદ્યોગો માટે પણ એનો ઉપયોગ અનિવાર્ય છે. નવા ગ્રાહકો વધે એ માટે પ્રયત્નો ચાલુ રાખવા પડે છે. ગૃહ ઉદ્યોગો ચલાવનારાઓને આ બધાની જાણકારી ન હોતા તેઓ ઘણાં પાછળ રહી જાય છે. તેઓને ઈ-મેલ અકાઉન્ટને ચલાવવું. બ્લોગ્સ, ફેસબુક-ટ્વીટર, વોટ્ઝઅપ વગેરેના ઉપયોગની જાણકારી આપણે સંસ્થા દ્વારા આયોજન કરી આપી શકાય.

નાના ઉદ્યોગોને સહુથી વધુ તકલીફ રોકાણની હોય છે, ઉપરાંત આયોગ્ય પ્લાનીંગ પણ વિકાસમાં બાધારૂપ બને છે. પેટ્રોલ, ગેસ, ઈલેક્ટ્રીસિટી તેમજ ટેક્સના દરોમાં વધારાની નાના ઉદ્યોગો પર અવળી અસર પડે છે. ઉદ્યોગ ચલાવનાર વસ્તુ બનાવવામાં કે તેમાં ટેક્નીકલ નિષ્ણાત હોઈ શકે પણ મારકેટીંગ

ચલાવતા આવડે એવું જરૂરી નથી બદલાતી પરિસ્થિતિઓ માં સમય સાથે તાલ મેળવવું ખૂબજ જરૂરી છે. વિવિધ પદ્ધતિઓથી માર્કેટીંગ ચલાવતા આવડે એવું જરૂરી નથી. બદલાતી પરિસ્થિતિઓ માં સમય સાથે તાલ મેળવવું ખૂબજ જરૂરી છે. વિવિધ પદ્ધતિઓથી માર્કેટીંગનો ઉપયોગ કરવો જરૂરી થઈ ગયું છે. એ માટે એમને તાલિમબધ્ધ કરવા અનિવાર્ય છે. આવી તાલીમોમાં ઘણાં બધા વિષયો પર એમને માહિતગાર કરવા જરૂરી છે. પોતાના જેવા બીજા ધંધાઓ જે સફળતાપૂર્વક ચાલી રહ્યા હોય તેમનું સંશોધન કરવું જરૂરી હોય છે. ગ્રાહકોના ખરીદી કરવાના સ્વભાવો, મારકેટીંગની સ્ટ્રેટીજીઓ, પ્રોડક્ટ, લાઈફ સાયકલની સ્ટ્રેટીજીઓ, વેંચાણ મૂલ્ય નક્કી કરવાની પદ્ધતિ, વેંચાણ વધારવાની રીતો, એમની ડિસ્ટ્રીબ્યુશન ચેનલો, ધંધાકીય ખર્ચાઓ, રોકાણ ફંડ ભેગા કરવાના વિવિધ માર્ગો, ક્વાલીટી કંટ્રોલ અને તેની રેગ્યુલર ચકાસણી વગેરે જાણકારી અને તાલીમ જરૂરી છે. ઉપરાંત આકર્ષક પેકીંગના ફાયદાઓ, સરકાર દ્વારા કાયદાકીય થતાં ફેરફારો, જરૂરી લાયસંસો, ફૂડ આઈટમમાં ન્યુટ્રીશીયન વેલ્યુના લેબલો, ઈન્ટગ્રેડીયન્ટસ લિસ્ટ વગેરેની જાણકારીથી માર્કેટીંગમાં સફળતા પ્રાપ્ત કરી શકાય. નેશનલ ઈન્ટરનેશનલ કુરીઅર સેવાથી વસ્તુઓનું ટ્રાન્સપોર્ટેશન સરળ તેમજ ઝડપી કરી શકાય. લેટેસ્ટ મશીનરીઓના ઉપયોગથી ક્વાલીટી અને ઉત્પાદન વધારી શકાય. રેસીપી અથવા ફોર્મુલાના પેટન્ટ રજીસ્ટ્રેશનના ફાયદા અંગે પણ જાણકારી હોય તો ઉદ્યોગોને વેગ મળી શકે છે.

ઉપરોક્ત દિશામાં જરૂરી માર્ગદર્શન, તાલીમ, સહાય માટે આપણી સંસ્થા કાર્યરત થાય તો સમાજના ઘણાં નબળા કુટુંબો આ નાના ઉદ્યોગોથી ઉચ્ચ સ્તરે આવી શકશો અને આવનારા પડકારોનો સામનો હિંમતપૂર્વક કરી શકશે.

- દિનેશ કલ્યાણજી ગોસર


# શુદ્ધ ઘી ની ઘરમાં બનાવેલ મિઠાઈ



* પાંચ ધાન્યના મગદરીયા લાડું
* ફીણીયા લાડુ
* ડ્રાયફ્રૂટ લાડુ (ઘંઉના)
* અદરખ ડ્રાયફ્રુટ લાડુ
* કોકોનટ ડ્રાયફ્રુટ બિસ્કીટ્સ

સીવાય

• સાંગલીના ભડંગ • સાંગલીની હળદર
• શીંગદાણાની ચટણી • સિકંદરની શીંગ • સિકંદરના દારીયા (ચણા)

●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●

મો. ૮૯૮૫૭ ૫૯૩૨૦

(જા.ખ.)

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**



# SWASTIK FASHIONS

**MFG. OF COTTON PRINTED DRESS MATERIAL**

***BRINGS***

## *Exciting Business Opportunity*

***...especially for women and housewives.***

## *Be a SWASTIK Reseller.*



***Sell SWASTIK dress-material from your home, at your convenience.***

***For details, Contact***

***Kunjal Dharod, 96762 58978***

***Plot No. 159/2, Road No. 9, Gunrock Enclave, Phase 2, Secunderabad.***

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

## નવ વર્ષની નવી શરૂઆત

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

"નવ વર્ષની નવી શરૂઆત"ના અનુસંધાનમાં રવિવાર તા. ૧૯ જાન્યુઆરી ૨૦૧૪ના સવારના ૮.૦૦ વાગે ટ્રેન દ્વારા શ્રી પાર્શ્વનાથ જીનાલય, મેડચલ તીર્થ, ૭૨ જીનાલય યાત્રાનું આયોજન કરવામાં આવેલ. હવેથી દર મહીનાના ત્રીજા રવિવારે કાચીગુડા રેલ્વે સ્ટેશનથી ટ્રેન દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનું આયોજન રહેશે. નકરો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- માત્ર. વધુ થી વધુ સંખ્યામાં લાભ લેવા વિનંતી.

શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે સવારના ૮.૦૦ વાગે કાચીગુડા સ્ટેશને ભેગા થવાનું રહેશે. ૮.૩૦ની ગાડી પકડી મેડચલ પહોચશું. સેવા પૂજા આદી પતાવી સામુહીક સ્નાત્ર પૂજાનુ લાભ લેશું. બપોરની પ્રસાદીનું લાભ લઈ થોડો આરામ કરી એક પરિચય મિલનનો આયોજન હશે. ત્યારબાદ સાંજના ૪.૩૦ કલાકે ગાડી પકડી પાછા હૈદરાબાદ આવશું.

શ્રી સંઘે જ્યારે-જ્યારે પણ અવનવી પ્રવૃત્તિઓનું પ્રયાસ કરેલ છે, ત્યારે-ત્યારે સુંદર પ્રતિસાદ મળેલ છે.

નવી પ્રવૃતીની શુભ શરૂઆતના રૂપે રવિવાર તા.૧૯-૧-૨૦૧૪ના શ્રી મેડચલ તીર્થ યાત્રાનો કાર્યક્રમ આયોજીત થયેલ સુંદર પ્રતીસાદથી શ્રી સંઘને પ્રોત્સાહન મળેલ છે. જેથી આ પ્રવૃત્તી નિયમીત કરવામાં આવશે. ભાવિકોને આ સુંદર તકનો વધુ થી વધુ સંખ્યામાં લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

સાલ ૨૦૧૪નો કાર્યક્રમ નિચે મુજબ રહેશે જેની નોંધ લેવા વિનંતી.

| ૨૦૧૪ મહિનો | શ્રી કુલપાકજી યાત્રા | શ્રી મેડચલ યાત્રા | ૨૦૧૪ મહિનો | શ્રી કુલપાકજી યાત્રા | શ્રી મેડચલ યાત્રા |
|---|---|---|---|---|---|
| જાનેવરી | ૫-૧-૨૦૧૪ | ૧૯-૧-૨૦૧૪ | જુલાઈ | ૬-૭-૨૦૧૪ | ૨૦-૭-૨૦૧૪ |
| ફેબ્રુવારી | ૨-૨-૨૦૧૪ | ૧૬-૨-૨૦૧૪ | ઑગસ્ટ | ૩-૮-૨૦૧૪ | ૧૧-૮-૨૦૧૪ |
| માર્ચ | ૨-૩-૨૦૧૪ | ૧૬-૩-૨૦૧૪ | સેપ્ટેમ્બર | ૭-૯-૨૦૧૪ | ૨૧-૯-૨૦૧૪ |
| એપ્રીલ | ૬-૪-૨૦૧૪ | ૨૦-૪-૨૦૧૪ | ઑકટોબર | ૫-૧૦-૨૦૧૪ | ૧૯-૧૦-૨૦૧૪ |
| મે | ૪-૫-૨૦૧૪ | ૧૮-૫-૨૦૧૪ | નવેમ્બર | ૨-૧૧-૨૦૧૪ | ૧૬-૧૧-૨૦૧૪ |
| જુન | ૧-૬-૨૦૧૪ | ૧૧-૬-૨૦૧૪ | ડિસેમ્બર | ૭-૧૨-૨૦૧૪ | ૨૧-૧૨-૨૦૧૪ |

*વધુ માહિતી તથા નામો નોંધાવા નીચે મુજબ સંપર્ક કરશો.*

***હંસકુમાર રાયચંદ સાયલા*** — *ફોન : ૬૬૩૬ ૨૫૪૫*

***પિયુષભાઈ સંઘવી*** — *ફોન : ૯૩૯૨૨ ૪૮૦૦૯*

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (હ.મ.)